પુસ્તિકા નં. ૪

ગણોત નિયમનના કાયદાની સમજણ

લેખક

ઇન્દુલાલ યાજ્ઞિક

પ્રમુખ ગુજરાત પ્રાંતિક કિસાન સભા

કિંમત બે પૈસા

તમારી ફરિયાદો ને સલાહ માટે

નીચેની કોઇ પણ કિસાનસભાને ખબર આપો

ગુજરાત પ્રાંતિક કિસાનસભા
પ્રાર્થનાસમાજ : આસ્ટોડિયા રોડ
અમદાવાદ

સોમનાથ જેસંગદાસ પરીખ
મુ. બાવળા (તા. ધોળકા)

સાણંદ તાલુકા કિસાનસભા
વોરાના જીનમાં **સાણંદ**

આનંદરાય છગનલાલ ભટ્ટ
નાગરવાડા, **પ્રાંતિજ**

ખેડા જિલ્લા કિસાનસભા
કિસાનભુવન **ઉમરેઠ**

પીતાંબર મગનલાલ ત્રિવેદી
મુ. **મહોળેલ**
(નડિયાદ થઇને)

મોહનજી ઝીણાજી પઢિયાર
મુ. **મુજકુવા**
પોસ્ટ આસોદર વાસદ થઇને

લક્ષ્મીશંકર પંડયા
મંદિર પાછળ, મુ. **ડાકોર**

ઝીણાગીર આર્ય
માતર તાલુકા કિસાન સભા
મુ. **હેરંજ** (પો. ખાંધલી)

ડી. એમ. પાંગારકર
મુગલીસરા, મુ. **સુરત**

રામજીભાઇ ચૌધરી
માંગરોળ તાલુકા કિસાનસભા
વડી નામે, **વાંકલ**
[કોસંબા થઇને]

ઠાકોરભાઇ કહાનદાસ પટેલ
એન્ડરસન રોડ,
મુ. **વલસાડ**

છોટુભાઇ શુકલ
મુ. **વેમાર**
મિયાંગામ કરજણ

ઝવેરભાઇ પટેલ
મુ. **ગુસર**
પો. વેજલપુર (પંચમહાલ)

રામચંદ્ર કૌશિક
પશ્ચિમ પંચમહાલ કિસાનસભા
પોલીસજેટ નં ૧ પાસે,
મુ. **ગોધરા**

જમનાદાસ કોંટ્રાકટર
ખેડુતસભા ઓફીસ,
મુ. **સંખેડા**

ખેડુતોનાં દેવાંમાં કાપ મૂકવાને તેમ ગણોતનું નિયમન કરવાને મુંબઇ ઈલાકાના મહાસભાવાદી પ્રધાનોએ કાયદો ઘડયો હતો અને તે ગઈ સાલ આપણી ધારાસભાઓમાં પસાર થયો હતો. પણ તે કાયદો ઘડાતો હતો ત્યારે જમીનદારો ને શાહુકારોએ ખોટી કાગારોળ શરૂ કરી હતી. તે તેમણે કાયદો પસાર થયા પછી પણ ચાલુ રાખી. યુરોપમાં લડાઇ શરૂ થતાં પ્રધાનોએ રાજીનામાં આપ્યાં તેથી ગરીબ ખેડુત પ્રજાની માગણી મુજબ આ કાયદાને તરત મંજૂર કરવાને બદલે ગવર્નરે તેને દિલ્હી ખાતે વાઇસરૉયને મોકલી આપ્યો, અને તેમણે તેમાં બારીકાઇથી વિચાર કરવાને નામે મહિનાઓ સુધી દફતરમાં રાખી મૂક્યો.

હવે ખરું જોતાં આ કાયદો ગણોત ને ભાગે ખેડનાર ખેડુતોને કંઇક હક્ક આપે છે, તો બીજી પાસ જમીનદારો ને તાલુકદારોને પણ ઘણી રીતે ફાયદાકારક છે. છતાં જમીનદાર ને તેના ખેડુતની વચ્ચે પડી સમાધાન કરવાની નવી સત્તા મામલતદારોને આમાં આપી છે તે સિદ્ધાંતને વધાવી લઈને કિસાનસભાએ ને મહાસભાએ પણ આ કાયદાને તરત મંજૂર કરાવવાને ચળવળ શરૂ કરી. કિસાનસભાએ તો આ હેતુસર સુરત, પંચમહાલ ને ખેડા જિલ્લાના કેટલાય તાલુકામાં જોશભેર ચળવળ આદરી અને કેટલાય તાલુકામાં હજારો ખેડુતોએ મામલતદારની કચેરી પર કૂચ કરીને તેઓ સાહેબને જાહેર કર્યું કે કાં તો આ કાયદો તરત અમલમાં મૂકો નહિ તો છ છ વરસના કે તેથી ચે જૂના ખેડુતોના કબજા કાયમ રાખવાનો જૂનો કાયદો એક વધુ વરસ લંબાવો. આ બધાને પરિણામે વાઇસરૉયે ગયા માર્ચ માસની વીસમી તારીખે આ કાયદાને મંજૂરી આપી છે અને હવે મુંબઇ સરકારે ખાસ હુકમ બહાર પાડીને આ કાયદાનો અમલ માર્ચની ૩૧ મી તારીખે શરૂ કર્યાની જાહેરાત કરી છે.

હજી આ કાયદા મુજબના નિયમો થોડા વખત પછી બહાર પડશે; છતાં તેનો અમલ હવે શરૂ થઇ ગયો છે. તેથી આ કાયદાનો સાર દરેક

ભાગે સાથે ખેડતા સર્વે ખેડૂતોએ સમજવાની અને તેનો લાભ લેવાને બનતી તૈયારી કરવાની જરૂર છે તેની સાથે આ કાયદા થતાં પહેલાં જમીનદારો ને ખેડૂતની વચ્ચે કેવો સંબંધ આપણા ઇલાકામાં હતો અને તેને સુધારવાને કેવી ચળવળ થઇ હતી તે પણ સમજવાની જરૂર છે.

ઇનામદારો--તાલુકાદારો

સાધારણ રીતે એમ કહેવાય છે કે ગુજરાતમાં રૈયતવારી પદ્ધતિ ચાલે છે. અર્થાત્ જ્યારે બિહાર, બંગાલ, સંયુક્તપ્રાંતમાં સરકારે બધી જમીન, જંગલ, પર્વત, નદી, નાળાં બધું મુઠ્ઠીભર જમીનદારોને જુજ મહેસુલ ઠરાવીને સોંપી દીધું હતું ત્યારે મુંબઇ, મદ્રાસ, પંજાબ, વગેરે પ્રાંતોમાં તો બધી જમીન ખેતી કરનાર ખેડૂતોને તેમને નામે જ આપવામાં આવી છે. અને તેઓ દર સાલ સરકારી મહેસુલનો આંકડો ભરે ત્યાં સુધી તેમની પાસેથી તે લેવાય નહિ. પણ રૈયતવારી પ્રથાનાં ગુણગાન કરનારા ભૂલી જાય છે કે સુરત, ભરૂચ, પંચમહાલ, ખેડા, ને અમદાવાદ આ પાંચે જિલ્લામાં થોડી ઘણી જમીન ઇનામદારો, તાલુકાદારો, સરદારો, ઠાકોરો વગેરેને બ્રિટીશ સરકારે લખી આપી છે. આવી જમીનદારીઓ પંચમહાલ, ખેડા, અને અમદાવાદ જિલ્લામાં ખાસ ધ્યાન ખેંચે છે. આ જમીનદારોને પોતાના જૂનામાં જૂના ખેડુતોને ફાવે ત્યારે હાંકી કાઢવાના, તેમની પાસે ફાવે તેટલું ગણોત, બીજા જુલમી લાગા ને કારમી વેઠ લેવાની પણ સત્તા હતી, અથવા પ્રજા એમ માનતી. તેથી આ ખેડુતોની ધોળે દિવસે ભયંકર લૂંટ થતી. તેમના ખળાં, ખેતર ને ઘરોમાંથી ગમે તેટલો માલ, ઢોર ઢાંખર, રાચરચીલું ઉપાડી જવામાં આવતાં. તેમાં કોઇ વાંધો કરે કે સામો થાય તેને કોઠામાં કે દરબારગઢમાં કે ગમે ત્યાં બાંધીને ઢોરની માફક માર મારવામાં આવતો ને કોઇ વાર તેમના હાથપગ ભાંગતા કે ખૂન પણ થતાં. વળી સરકાર આ જમીનદારોને પટલાઇની ને મેજીસ્ટ્રેટની સત્તાઓ આપતી. તેથી તેમને ગમે તેવા ગુન્હા ને લૂંટ કરવાનો પરવાનો મળતો. ટુંકામાં આવા ઠકરાતી તાલુ-

જદારી ગામોમાં સરકારી નહિ પણ આપખુદ જમીનદારી રાજ્ય ચાલતું. અને જે સરકારના પીઠબળ વડે જ આવો જુલમ થતો તે સરકાર ખેડુતનું રક્ષણ કરવાને ટચલી આંગળી પણ ઊંચી કરતી નહિ.

આ રાજનિતિનું કારણ પણ સમજવા જેવું છે. મોગલ મરાઠા વગેરે મહારાજ્યોને તેમ જ ઝાંસી, સિંધિયા, અયોધ્યા વગેરે નાનાં નાનાં રાજ્યોને ખતમ કરનાર અંગ્રેજ સરકારે આવા નાના જુલમગારોને થોડાં ઘણાં ગામોની સનદો કેમ આપી? દાખલા તરીકે સિંધિયા સરકારને રૂખસદ આપનાર અંગ્રેજોએ તે સરકારે આપેલી કોઇ સનદોને શા માટે મંજૂર કરીને કાયમ રાખી? કારણ એ કે જે નાના મોટા રાજાઠાકોરો અંગ્રેજ સરકારથી તદ્દન સ્વતંત્ર રહેવા માગતા હતા તેમને કચરી નાંખ્યા; પણ જે નાના નાના જમીનદારો નવી સરકારના ગુલામ રહીને પોતાના લાખો-હજારો ખેડુતો પર કોરડો ચલાવીને કાબુમાં રાખે, તેમને થોડાં ઘણાં ગામ આપવામાં આવ્યાં. આમ આ દેશોમાં દૂર દૂર જંગલ પહાડ ને ગામડામાં વસતા આઝાદ ને ઝનુની ખેડુતો પર ગુલામીની ધૂંસરી લાદવામાં ઉપયોગી થાય એવા મુઠ્ઠીભર જમીનદારોને સનદોના કાગળો આપવામાં આવ્યા ને તે બદલ તેમને આ ખેડુતો પર ફાવે તે જૂલમ કરવાનો પરવાનો આપવામાં આવ્યો.

શાહુકારી જમીનદારો

આની સાથે સાથે ગઇ સદીની શરૂઆતમાં સરકારે દીવાની કાયદા ઘડીને ને કોરટો ઉઘાડીને તેમ જ સ્ટાંપ, જપ્તી ને લીલામોની નવી પ્રથા દાખલ કરીને નવી શાહુકારી-જમીનદારીના પાયા નાંખ્યા. પહેલાના વારામાં પણ ખેડુતો ગામના કે પાસેના વેપારી પાસેથી ઉધારે માલ કે પૈસા લેતા. પણ તેની વસુલાત બહારની કોર્ટની મારફત નહિ પણ ગામના પંચની મારફત થતી અને ખેડુતની સ્થિતિ જોઇને તે નભી શકે એ ધોરણે તેની પાસેથી શાહુકારને કંઇક અપાવાતું. પણ નવા કાયદાથી કચેરીઓમાં ખાતાં પતરાં પર કામ ચલાવીને હુકમનામાં કરવામાં આવ્યાં, લેણદારને કેદ કરવામાં આવ્યા

ને તેનો સ્થાવર જંગમ માલ જપ્ત કરી હરાજ થતા ગયા. આમ વેપારીઓને પરદેશી કાયદાનો ગેરલાભ લઈને છક્કાપંજા રમવાની, એકના બે નહિ પણ બાર કરવાની, ખેડુત પાસેથી ગમે તેટલું દર સાલ લેવા છતાં તેનું દેવું વધાર્યે જવાની ને પછી ધીમે ધીમે તેની જમીનો ગીરો કે વેચાણ લઈ મોટા જમીનદાર થવાની નવી નવી તક મળતી ગઈ.

સને ૧૮૭૫માં દક્ખણમાં ખેડુતોનાં બંડ થયાં ત્યારે તે વિષે પૂરી તપાસ કરીને એક મોટા અમલદારે લખેલું કે આ રૈયતવારી નથી, પણ મારવાડી (અર્થાત્ શાહુકારી) પ્રથા છે તેમાં શાહુકાર તે જ ખરેખરો જમીનદાર છે. આ બંગાલ બિહારની જમીનદારી કરતાં વધારે ખરાબ છે. કારણ કે ત્યાં જમીનદારી ઉઘાડી છે તેથી ખેડુતના રક્ષણ માટે કંઈ કાયદા થાય છે. પણ અહીં જમીન કોઈક વાર વેચાણ હોય છે તો ઘણી વાર કબજાગીરોમાં શાહુકાર લે છે ને પછી તે બારમાસી ગણોતે તે જ ખેડુતને ખેડવા આપે છે. ત્યારે સરકારી ચોપડે મૂળ ખાતેદાર તો તે ખેડુત જ ગણાય છે. આવા ગુંચવણ ભરેલી સ્થિતિમાં શાહુકાર બાગ–સાંથને નામે ભરપટે વ્યાજ વસુલ કરે છે. અને ગણોતનો કોઈ કાયદો ન હોવાથી, તેની જમીન ગમે ત્યારે છોડાવવાની ધમકી આપીને તેને રાતદિન લૂટે છે અને સરકારના ગુલામ બનાવે છે.

ગુલામીનાં દુઃખ

આમ પરાઈ સરકારની કારવાઈને લીધે જ શાહુકાર જમીનદારો ઠેર ઠેર મોટી સંખ્યામાં ફૂટી નીકળ્યા છે. તેઓ અંગ્રેજ સરકારના કાયદા અને અમલથી પેદા થયા છે તેમ તેના તાબેદાર બાંધિયા છે. અને જમીનદારોની માફક તેઓ પણ ગરીબ, ભૂખી, અર્ધ નગ્ન, કંગાલ ખેડુત પ્રજાને ગામગામડે વશ રાખી સરકારને તાબેદાર બનાવવામાં પોલીસ સિપાઈનું કામ બજાવે છે.

આવા બધા જૂના નવા જમીનદારો સરકારની પોલીસ ને કોરટ વિના એક ઘડી પણ ટકી શકે નહિ કે એક પાઈ પણ વસુલ કરી શકે નહિ.

છતાં તેમને રાતદિવસ મદદ કરનાર સરકારે તેમના ભાર નીચે કચરાતા-પીસાતા ગણોતિયા ખેડુતોને રક્ષણ આપવાને આજ સુધી કાંઇ જ કર્યું નહિ.

ગઇ સદીમાં દખ્ખણમાં ને બીજે ઠેકાણે ખેડુતોએ શાહુકારો સામે બંડ કર્યાં ત્યારે દેવાં ને વ્યાજમાં કાપ મૂકવાને સરકારે દખ્ખણનો અધકચરો કાયદો કર્યો. પણ શાહુકારોના ત્રાસથી ત્રાસેલા ખેડુતો તે કાયદાનો ખરો લાભ લઇ શક્યા નહિ. ખેડુતો પાસેથી શાહુકારો પાસે જમીન જતી રોકાઇ નહિ; તેમના ગણોતના દર પર અંકૂશ મુકાયો નહિ.

બીજી પાસ તાલુકદારો, ઠાકોરો, ઇનામદારોના ગણોતના જુલ્મ પર અંકૂશ મૂકવાને પણ સરકારે કંઇ કર્યું જ નહિ. અલબત્ત તેમના ખેડુતો તો રોષ ક્રોધ ને ભૂખથી સસડી રહ્યા હતા. તેથી કોઇ વાર તેઓ તોફાન કરી બેસતા તો કોઇ બહારવટે નીકળી ખુનામરકી કરતા. પણ તેમનું સંગઠન કરીને તેમનાં ભારણ હલકાં કરાવવા આજ સુધી કોઇએ પ્રયાસ કર્યાં નહિ.

ખરેખર શરમની બીના તો એ છે કે સન ૧૮૮૫ માં રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના થઇ ત્યાર પછી થોડાં વરસમાં તેણે સરકારી મહેસુલ કમી કરવાને ચળવળ આદરી. પણ શાહુકારોનાં દેવાં કે જમીનદારોનાં સાંથ લાગા વિષે તેણે ૫૦ વરસ સુધી એક અક્ષર ઉચ્ચાર્યો નહિ. સન ૧૯૧૮માં ને ૧૯૨૮માં ખેડા અને બારડોલીમાં જમીન મહેસુલની લડતો લેવાઇ. પણ સાંથ–દેવાં વિષે તો મહારથીઓએ ચુપકી સેવીને જમીનદારો તેમ જ શાહુકારોનો સાથ મેળવ્યો.

પણ સને ૧૯૨૦–૨૧ની સાલમાં ને ખાસ કરીને ૧૯૩૦-૩૧ની લડતમાં ગુજરાતના તેમજ બિહાર, યુક્ત પ્રાંતોના કિસાનોએ મોટી સંખ્યામાં સાથ આપ્યો. જમીનદારી મુલકમાં તો હજારો કિસાનોએ સ્વાભાવિક ઉત્સાહથી સાંથ–ગણોત આપવાનું બંધ કર્યું. તેથી તે સવાલ મોખરે આવ્યો. અને સન ૧૯૩૧માં કરાંચીમાં મહાસભાની બેઠકે પહેલી વાર ખેડુત–મજુરોના હકનો ઠરાવ કર્યો તેમાં જમીન મહેસુલની સાથે ગણોત સાંથમાં કાપ મુકવાની જરૂરીયાત સ્વીકારી.

ખેડૂતોના હક્ક

પછી સન ૧૯૩૬માં મહાસભાએ નવી ધારાસભાની ચૂંટણીમાં ભાગ લેવાનું ઠરાવ્યું. તેથી ગરીબ ખેડુત-કિસાનોના મત મેળવવાની દૃષ્ટિથી ફૈઝપુરની બેઠકમાં ગણોતીયા ખેડુતોના હકની માગણી કરી.

(૧) સાંથ-ભા .માં સંગીન કાપ મુકવો.

(૨) છેક હુંકી કે નીચા વર્ગની જે જમીનમાંથી ખેડુતનું પૂરું થતું ન હોય તેનું ગણોત માફ કરવું.

(૩) ગણોતીયા જમીનને મહેનત કરીને કેળવે અને સારો પાક ઉપજાવે તે માટે તેમને કાયમના ખેડ હક આપવા.

આ ધોરણસર ચુંટણીની ચળવળ મહાસભાએ કરી અને ગણોતીઆ ખેડૂતોએ તેમને પૂરો ટેકો આપ્યો. મોટા ઠાકોરો અને ઇનામદારો ચુંટણીમાં ઉભા રહ્યા અને તેમણે ભરપટે પૈસા ખરચીને પોતાના ખેડુતોના મત મેળવવા તરકીબો કરી પણ ખેડૂતોએ તો તેમને હરાવીને મહાસભાના ઉમેદવારોને ફતેહમંદ બનાવ્યા. આમ ધારાસભામાં મહાસભાવાદી સભાસદોની બહુમતિ થવાથી તેમના જ આગેવાનોએ સન ૧૯૩૭ ના જુલાઇ માસમાં પ્રધાનપદો લીધાં ત્યારે તેમણે વચન આપ્યા મુજબ ગણોતીયા ખેડૂતોને રાહત આપવાનો વિચાર કરવા માંડયો.

દરમ્યાન દેશભરમાં કિસાનસભાએ મહેસુલ, દેવાં ને ગણોત કમી કરવાને માટે તેમ જ તેની વસુલાત અટકાવવાને માટે પ્રચંડ ચળવળ આદરી. મહાસભાવાદી પ્રધાનોની ધારાસભાઓ પર હજારો ખેડૂતોએ કુચ કાઢીને સત્વર રાહત આપવાની માગણી કરવા માંડી. છેવટે સન ૧૯૩૮ ના જાનેવારી માસમાં ૧૮ એકરથી ઓછી જમીન સાંથે, ભાગે કે ખાતે ખેડનાર ખેડુતોના દેવાંની વસુલાત એક સાલ સુધી અટકાવવાને તેમ જ ૭ વરસથી લાગલાગટ સાંથે જમીન ખેડનાર ખેડુતના કબજા કાયમ રાખવાને એક કાયદા પસાર કરવામાં આવ્યો. પરિણામ કાંઇ

આવ્યું. નવી સરકાર ગણોત કાપશે અને જૂના ગણોતિયાને કાયમ કરશે એમ સમજીને તાલુકદારો, ઈનામદારો ને ઠાકોરો ખેડુતોના જૂના કબજા તોડાવીને જમીન હાથ કરવા માગતા હતા, તેમના પર એથી સખ્ત અંકુશ મુકાયો. દુર્ભાગ્યે આ કાયદો પસાર થયા છતાં થોડા ઘણા જૂના ખેડુતોના કબજા બળજબરીથી કે છળકપટથી જમીનદારોએ ખૂંચવી લીધા છે. ત્યારે સમજદાર, હિમ્મતવાન ને સંપીલા ખેડુતો કાયદાની રૂએ જમીન પકડી રહ્યા છે.

પછી તરત ગણોતના કાપનો કાયદો પ્રધાનસાહેબોએ ઘડવા માંડયો. આમાંની થોડી વિગતો બહાર પડી એટલે ચારેકોરથી ઈનામદારો, સરકારો વગેરેએ ઢોંગી વિરોધ જાહેર કરવા માંડયો, ત્યારે કિસાનસભાએ મહાસભાના વચનને બરાબર અમલમાં મૂકવાને આગ્રહ કર્યો. આ બધાને પરિણામે મૂડીવાદ ને જમીનદારી તરફ ઢળતા પ્રધાનોએ છેક જ નબળો કાયદો બનાવ્યો છે. હવે તેમનો અમલ શરૂ થઈ ચૂકયો છે તેથી તેની ટીકામાં ન ઉતરતાં મુખ્ય મુદ્દા નીચે રજુ કરૂં છું.

હકદાર ખેડુત કોણ ?

આ કાયદાનો મુખ્ય સિદ્ધાંત એવો છે કે તાલુકદારો, ઇનામદારો, ઠાકોરો, શાહુકારો વગેરે જમીનદારોના અમુક વરસના જૂના ભાગે-સાંથે ખેડતા ખેડુતોને ચોકકસ હક આપવા. તેથી પ્રથમ તો કોને હકદાર ખેડુત ગણવામાં આવે છે તે જોઈએ.

આ ખેડુતોના બે પ્રકાર છેઃ

(૧) સન ૧૯૩૨ ના જાનેવારીની પહેલી તારીખથી કે તે પહેલાંથી લાગલાગટ છ કે વધારે વરસના જૂના ખેડુતો હકદાર ગણાશે. અલબત્ત ખેડુત પોતે જાતે ખેતી કરતો હોવો જોઈએ; બીજાને પટે આપી ખેતી કરાવતો હોય તો તેને હકદાર ન ગણાય.

આ છ વરસની ગણત્રીમાં એક બે ચોખવટ કરી છે. તે મુદત દરમિયાન ખેડુતને પોતાના બાપ કે વડીલ તરફથી જમીનનો પટો વારસામાં

મળ્યો હોય તો યે તે હકદાર ગણાય. વળી ગણોતનો કાયદો આવે છે તેનો લાભ જૂના ખેડુતોને મળતો અટકાવવાને કેટલાક શાહુકારો-જમીનદારોએ જૂની જમીન છોડાવીને નવી આપી હોય ત્યાં પણ તેને હકદાર ગણવામાં આવશે.

(૨) વળી મહાસભાના પ્રધાનો ૧૯૩૭ના જુન માસમાં સત્તા પર આવ્યા તે પ્રસંગે ઘણાય તાલુકાદારો, જમીનદારોએ, પહેલેથી ચેતી જઈને બે ત્રણ માસ અગાઉથી જમીનના કબજા ખેડુતો પાસેથી બળ જબરીથી કે છેતરપીંડીથી લઈ લીધા છે. તેથી આ કાયદામાં ખાસ જણાવ્યું છે કે સન ૧૯૩૭ ના એપ્રીલની પહેલી તારીખ પહેલાં જે ખેડુતોનો લાગલાગટ ઓછામાં ઓછાં છ વરસનો કબજો હોય તેમને પણ હકદાર ગણવામાં આવશે; ને જૂની શરતે તે ખેડવાની મરજી બતાવશે તો આ કાયદો અમલમાં આવ્યા પછી એક વરસની અંદર જમીનદારને નોટીસ આપીને ખેડુતને ગયેલી જમીનનો કબજો પાછો સોંપવામાં આવશે.

વળી સંભવ છે કે સન ૧૯૩૭ ના એપ્રીલ પછી આજ સુધીમાં ગણોતમાં લખેલી કે ચાલુ સાંથ ન ભરવાના કારણસર ખેડુતનો કબજો (નાના ખેડુતોને રાહત આપવાના સન ૧૯૩૮-૩૯ના કાયદા મુજબ) ગયા હોય. તેઓ પણ આ કાયદો અમલમાં આવ્યા પછી ચાર માસમાં અર્થાત આવતા ઓગસ્ટ માસની પહેલી તારીખ સુધીમાં વ્યાજબી ગણોત ભરી દેશે તો તેઓ તે જમીનનો કબજો પાછો મેળવવાને હકદાર થશે. જો જમીનદાર આ ગણોત ન સ્વીકારે તો ખેડુતે તે મામલતદારની કોરટમાં ભરવું જોઈશે ને તેમને બધી વિગતો જણાવીને રીતસર અરજી કરવી જોઈશે.

ઉપરના બે વર્ગની ચોખવટ કાયદામાં કરેલી છે. પણ તે ઉપરાંત બીજા બે વર્ગના ખેડુતોને હકદાર ગણેલા છે તેનો ફોડ પાડવો જોઈએ.

(૩) ખેડુતોએ પોતાની જમીન કબજાગીરો કે વેચાણમાં શાહુકારોને લખી આપી હોય ને તે જ પછી ભાગે-સાંથે ખેડતા હોય તેમને પણ

આ કાયદા મુજબ હકદાર ખેડુત ગણવામાં આવશે. ને તેમની જમીનની અદલાબદલી થઇ હોય તેથી તેમના હકમાં કંઇ ફરક પડશે નહિ.

(૪) વળી કેટલાયની જમીન છેલ્લાં થોડાં વરસોમાં લીલામ થઇ હોય ને જમીનનો કબજો શાહુકારોને સોંપાયો હોય ને પછી તે પાછી ગણોતમાં ખેડતા હોય તેમને પણ હકદાર ગણવામાં આવશે. જેમની જમીન છેલ્લાં એક બે વરસમાં લીલામ થઇ હોય પણ જેમના કબજો કાયમ હોય તેઓ પણ આ કાયદા મુજબ હકદાર ગણાશે.

કાયમનો ખેડહક

આ બધાય ખેડૂતોને સરકારી ખાતેદારની માફક કાયમના ખેડહક આપવાનો આ કાયદાનો હેતુ છે. જેમ રીતસર મહેસુલ ભરનાર ખાતેદારને જમીન મહેસુલના કાયદા મુજબ કાયમનો માલિકી હક મળે છે; તે જ પ્રમાણે આ કાયદાથી રીતસર ગણોત આપનારને કાયમનો ખેડહક મળશે.

હવે ઠાકોરો, તાલુકદારો, ઇનામદારો, શાહુકારો વગેરે જમીનદારોના ખેડૂતો છુટકારાનો દમ ખેંચી શકશે. કારણ કે અત્યાર સુધી ગમે તેટલું ગણોત ને બીજા લાગા પણ નિયમસર ભરનાર ખેડુત પર પણ કંઇ પણ કારણસર જમીનદાર ગુસ્સે થાય કે વેર લેવા ધારે તો તેનો કબજો કાયદાથી ઝુંટવી શકાતો. ઘણા ખેડૂતોએ જો કબજા ટકાવી રાખ્યા છે તો તે જમીનદાર આગળ નાકલીટીઓ તાણીને, વધારે ને વધારે ગણોત આપીને; અયોગ્ય બાબતોમાં પણ તેને વશ થઇને--તેના ગુલામ બનીને. ને એમ છતાં યે બિચારા ખેડુતને માથે જમીન જવાની દહેશત હમેશાં રહેતી ને તેથી તે બહેબા થઇ જતો.

પણ આ કાયદાથી ઉપર મુજબ જુના ગણાતા ખેડૂતોને કાયમનો ખેડહક ને કબજા હક મળશે ને તે સાચવવામાં સરકાર ને અદાલતનું પૂરું રક્ષણ મળશે. આમ આ કાયદાથી હકદાર ખેડૂતોને નવો પટો મળ્યો છે ને હિમ્મત ને સંપથી તેઓ વર્તશે તો તે કમર કસીને માચવી શકશે.

ખેડહકની શરતો

આમ જે કાયમનો ખેડહક આપ્યો છે તેને કુભાગ્યે આ કાયદામાં ઘણી શરતોથી બાંધી લેવામાં આવ્યો છે. હકદાર ખેડુતોનો કબજો નીચેની શરતે જ ટકી શકશે.

(૧) સન ૧૯૩૯ ના માર્ચની ૩૧ મીએ પૂરા થતા વરસનું ઠરાવેલું ગણોત હજી યે ન ભર્યું હોય તો તે હવે આવતા ઓગસ્ટની પહેલી તારીખ સુધીમાં ભરી દેવું જોઈએ.

(૨) કોઈ પણ વરસમાં, જમીન મહેસૂલના છેલ્લા હપ્તાની ઠરાવેલી તારીખ પછી પંદર દિવસમાં ઠરાવેલી સાંથ ભરી દેવી જોઈએ. જો વ્યાજબી સાંથ ઠરાવવાને મામલતદારને કે તેના ઉપરી અમલદારને અરજી કરી હોય તો ઉપર જણાવેલી મુદતની અંદર તેની કોરટમાં જૂના ગણોતની રકમ ભરવી જોઈએ. છેવટે ઓછી રકમ નક્કી થાય તો વધારાની રકમ ખેડૂતને પાછી મળશે ને વધારે ઠરાવાય તો વધારાની રકમ ચુકાદો આવ્યા પછી એ મહિનામાં જમીનદારને આપવી જોઈશે.

(૩) જમીનને નુકશાન થાય એવું કંઈ ખેડૂતે ન કરવું. જમીન જેવી ને તેવી બરાબર સાચવવી જોઈએ.

(૪) જમીન બીજા કોઈને પટે આપવી નહિ ને તે જાતેજ ખેડવી જોઈએ.

(૫) ખેતી સિવાય બીજા કોઈ કામમાં તે વાપરવી નહિ.

આ શરતો પાળવામાં ખેડુત ચૂક કરે તો તેનો ખેડહક જાય ને જમીનનો કબજો ઝુંટવી લેવાય. માટે ઉપરની શરતો પાળવામાં ખેડુતે ખાસ તકેદારી રાખવી જોઈશે.

વળી આ ઉપરાંત હકદાર ગણાતા ખેડુત પર સરકારે એક ખાસ ફરજ લાદી છે. અત્યાર સુધી ખાતેદાર કે જમીનદારને જ ખેતરનાં બાણુ માચવવાં પડતાં તે હવે ખેડુતને સમારવાં પડશે ને તેનો ખર્ચ આપવો પડશે.

જમીનદારનો જાત ખેતીનો હક

ખેડુતના કાયમના ખેડહકને જાણે એક કલમમાં આપીને બીજી કલમથી લઈ લેવાનો આશય આ કાયદામાં દેખાય છે. કારણ કે કોઇ પણ જમીનદાર જાતે ખેતી કરવાના બહાના નીચે જુના ખેડુતની પાસેથી પણ જમીન આંચકી શકે એમ કાયદામાં જણાવ્યું છે. છતાં આ હક ઉપર પણ ઘણી મર્યાદાઓ મુકેલી છે. તેથી તે વિ૨ નીચેના મુદ્દા સર્વે ખેડુતોએ ધ્યાનમાં રાખવા જોઇશે.

(૧) જમીનદાર એક વરસ પહેલાં લેખીત નોટીસ આપીને જ જાતે ખેતી કરવાને માટે જરૂરી જમીન જ લઇ શકે. આ નોટીસની કલમ ધ્યાનમાં લેતાં આવતા ઉનાળામાં તો કોઈ જમીનદાર જાત ખેતીના કારણસર કોઇ જમીન આંચકી લઇ શકશે જ નહિ. આ કાયદા મુજબ એક વરસની નોટીસ હવે આપે તો વહેલામાં વહેલો કબજો આવતા એપ્રીલ માસમાં લઇ શકે. માટે હાલ તરતમાં જ કોઇ જમીનદાર કબજો કરવા આવે તો ખેડુતોએ તેમનો સામનો કરવો અને તેમને કોરટનો રસ્તો બતાવવો.

(૨) વળી બીજી વાત એ છે કે જમીનદાર ખરી ખેતી જાતે કરવા માટે જમીન એક સાલ પછી લઇ શકે. ખેતીમાં ઘાસ કે બાવળ ઉગાડવાનો સમાવેશ થતો નથી. તેથી કોઇ જમીનદાર જમીન કેવળ પડતર રાખીને ઘાસ કે બાવળ કરાવવા માગતો હોય તો તેને કબજો સોંપાશે નહિ. જો તે જમીનદાર ઘણી જમીન ઘાસીયા રાખતો હશે તો તે વાત તેની સામે પુરાવામાં આપી શકાશે.

અલબત તદ્દન ભિન ખેતીના અર્થાત્ મકાન બાંધવાને અથવા વેપાર ઉદ્યોગના કામસર જમીનદાર ખેતર લઇ શકશે. પણ એવાં કામ તો થોડા જ જમીનદારો હાથ ધરશે.

(૩) ઉપર પ્રમાણે નોટીસ આપીને જમીનનો કબજો લીધા પછી એક વરસ સુધીમાં જમીનદાર જાતે ખેતી કરશે નહિ અથવા તે પછી

બાર વરસની અંદર ખેતી કરવાનું બંધ કરશે તો મૂળ ખેડુત બે વરસની અંદર નોટીસ આપીને જૂનું ગણોત આપવાની શરતે જમીનનો કબજો પાછો મેળવી શકશે. આમ કબજો મેળવ્યા પછી ખેડુત મામલતદારને અરજી કરીને પૂરવાર કરશે કે તે જમીન ખરેખર ખેતીના કામ માટે વાપરવાનો જમીનદારનો હેતુ ન હોતો તો તેને થયેલા નુકશાન બદલ તે વળતર મેળવી શકશે.

(૪) આ નિયમ મુજબ જુના ખેડુતની જમીન જમીનદાર પાછી મેળવે ત્યારે ખેડુતે જમીન પર સુધારાવધારા કર્યા હોય તેનો ખરચ તેને જમીનદાર પાસેથી અપાવવામાં આવશે. આ વળતરના વિચાર કરતાં ખેડુતે ખરચેલી રકમનો તેમ જ જમીનની વધેલી કિંમતનો વિચાર કરવામાં આવશે.

હકદાર ખેડુતના વારસના હક

હાલમાં કોઈ તાલુકદાર, ઇનામદાર, જમીનદારનો ખેડુત ગુજરી જાય છે ત્યારે તેના દીકરા કે વારસને જમીન પોતાને નામે ચઢાવતાં ઘણી મુસીબત પડે છે. ઘણે ઠેકાણે વારસને બાપના હક મેળવવાને નજરાણું, સાકર વગેરે આપવું પડે છે. ઘણે ઠેકાણે આજે બાપદાદાના નામ પર જમીનો ચાલે છે અને ઘણીએ વાર જમીનદાર ખેડુતના મરણ પછી બળજબરીથી જમીનનો કબજો લઈને ફાવે તેને આપી દે છે.

આ બધા જુલ્મ અટકાવવાને આ કાયદામાં ચોખ્ખું જણાવ્યું છે કે જુનો હકદાર ખેડુત ગુજરી જતાં આપોઆપ જ તેના કાયદેસર વારસને તેનો પૂરો ખેડહક મળશે ને જમીનદારથી આપખુદીથી તેમાં કોઈ અંતરાય નાખી શકાશે નહિ અને તે પેટે એક પાઈ પણ માગી શકાશે નહિ.

છતાં આ બાબતમાં એક વિધિ કરવાની રહેશે. ખેડુતનું મરણ થયા પછી ચાર માસની અંદર તેના વારસે જમીનદારને લેખિત નોટીસ આપીને જણાવવું જોઇશે કે જુની શરતે તે જમીન ખેડવા ખુશી છે. જો ઘણા વારસો હોય તો તેઓ નકકી કરીને જેનું નામ આપે તેને ખેડહક મળે. જો

તેમની વચ્ચે કંઇ સમજુત ન થાય તો કલેકટર જમીનદાર સાથે મસલત કરીને યોગ્ય વારસદારને ખેડુત તરીકે મંજુર કરશે.

ખેડહક ગીરો વેચાણ ન થાય

આજે કોઈ કોઇ તાલુકદારી ગામોમાં પણ દેવાદાર ખેડુતોએ જાતજાતના દસ્તાવેજ કરીને પોતાની જમીનો અથવા તેના ખેડહક શાહુકારોને લખી આપેલા હોય છે ને તે શાહુકારો આજે તાલુકદારથી યે બે ચાર ઘણી રકમ ખેડુતો પાસેથી પડાવે છે.

હવે આ કાયદામાં સાફ જણાવ્યું છે કે ખેડુતોને જે ખેડહક આપ્યા છે તે વેચાણ કે ગીરો થઇ શકશે નહિ. તે સંબંધી દસ્તાવેજને કોઈ ઠેકાણે રજીસ્ટર થશે નહિ ને એવા જે દસ્તાવેજ થયા હશે તેને રદ ગણવામાં આવશે. આમ કાયદાની આ કલમથી હજારો તાલુકદારી–ઠકરાતી ખેડુતો પર શાહુકારોએ લાદેલી સાંકળો તુટી જશે અને તેઓ ફકત તેમના લેણાંની વસુલાત રીતસર દીવાની કોરટની કે નવી ફડચા કમિટીની મારફત જ કરી શકશે. માટે હવે આવા બધા ખેડુતોએ શાહુકારોના સાંથ–ભાગના કોઈ પણ હક ગણવા નહિ; તે પેટે એક પાઇ પણ તેમને આપવી નહિ ને તેમને અદાલતનો જ રસ્તો દેખાડી દેવો.

કાયદો જ કહે છે કે આવા ખેડહકની જમી કે લીલામ કોરટ કરશે નહિ; તો પછી ખેડુતો હવે શાહુકારોના ગુલામ શા માટે રહે ? કોરટના જોરથી જ તેઓ જુલમગાર બન્યા છે ને તેનો આધાર ન રહેતાં તેઓ ઠેકાણે બેસશે.

વ્યાજબી ગણોતનો આંક

અત્યાર સુધી બધા જમીનદારોને ભાગ ને ગણોત વસુલ કરવામાં જમીન મહેસુલના જુલમી કાયદા મુજબ મામલતદારો મદદ કરતા. પણ સાંથના આંક વિષે ન્યાય આપવાની તેમને કંઇ સત્તા નહોતી. આ કાયદાથી

પહેલી જ વાર કાયમના ખેડહક ધરાવતા ખેડુતો ગણોતપટામાં આંકેલી સાંથ ભારે લાગે તો તે વિષે રીતસરની અરજી મામલતદારને કરી શકશે અને તે વિષે બંને પક્ષને સાંભળીને વ્યાજબી સાંથ ઠરાવવાની સત્તા મામલતદારને રહેશે આ તપાસ દરમ્યાન મામલતદાર નીચેની બાબતો ધ્યાનમાં લેશે.

(૧) એવી જ પાસેની જમીનની સાંથ
(૨) એવી જ બીજી જમીનનો ખેતીનો નફો
(૩) તે વિભાગમાં પાક ને બીજી ચીજ વસ્તુઓના ભાવ
(૪) જમીનદારે જમીનમાં કરેલા કંઇ સુધારા
(૫) જમીનના મહેસુલનો દર
(૬) બીજી જરૂરી બાબતો

ખેતીના નફામાંથી જ સાંથ અપાય

આ બધામાં ખેતીના નફાનો મુદ્દો ઘણો મહત્ત્વનો છે. આ કાયદામાં નફાની એવી વ્યાખ્યા આપવામાં આવી છે કે **"જમીનની કુલ પેદાસમાંથી ખેડુતની મજુરીના વ્યાજબી મહેનતાણા સુદ્ધાંત ખેતીનો ખરચ બાદ કરતાં જે વધારો રહે તે ખેતીનો નફો કહેવાય."**

આજ કાલ ખેતીની પેદાશમાંથી તેના ઉપરનો ખરચ ને જરૂરી દેવું ભરાતાં નથી. તો પછી મહેનત કરનાર ખેડુત ને તેના બૈરાં છોકરાંના વ્યાજબી મહેનતાણાંની તો વાત જ શી ? પણ હવે આ કાયદાનો લાભ લેવાને તો દરેક ખેડુતે ઉપલક ખરચ ઉપરાંત પોતાના ને કુટુંબીઓની મજુરીના દામની ગણત્રી કરવી જ જોઇશે. આખું વરસ ખેતીની જ મજુરી કરનાર સર્વેને આખો રોટલો, જરૂરી કપડાં, સારી ઝુંપડી, દવા, બાળકોનું શિક્ષણ ને લગ્ન મરણના જુજમાં જુજ સામાજિક ખરચની રકમ તો મળવી જ જોઇએ. આ બધું પેદાશમાંથી બાદ કરતાં જે રહે તે જ ખરો નફો

ગણાય. ને તેમાંથી આપી શકાય એવું ગણોત નક્કી કરવામાં આવે તો હાલના આંકડા છેક નીચે ગગડી જાય એમાં નવાઈ નથી.

પણ આ બાબતમાં ખેડુતો પોતાના મુદ્દા ને ગણુતરી મામલતદાર આગળ બરાબર રજુ કરે તો જ ખરો ન્યાય મળે. માટે આજથી જ ખેડુતોએ પોતાના આવક ખરચના આંકડા મુકીને નફા કે તોટાની રકમ આંકવી જોઈશે.

જમીન મહેસુલનું ધોરણ

નફાનું ધોરણ બરાબર સ્વીકારવામાં આવે તો પોણાભાગની ટુંકી ને ખરાબ ખેતી પર તો સરકારી મહેસુલ કે જમીનદારના ગણોત પેટે કંઈ લઈ શકાય જ નહિ.

તેથી સરકારી મહેસુલનું ધોરણ આ કલમમાં ગણાવ્યું છે. કિસાન-સભાએ ઘણા વખતથી ગાજીવગાડીને જાહેર કર્યું છે કે સરકાર ધારાથી બહુમાં બહુ તો દોઢપટ ગણોત લઈ શકાય–એથી વધારે તો લઈ શકાય જ નહિ. ખેડુતો દોઢપટનો નિયમ ધ્યાનમાં રાખે. તેથી વધારે આંકડો મુકાય તો તેની સામે મોરચા માંડે.

તપાસની કારવાહી

ગણોતનો દર નક્કી કરતા મામલતદાર દીવાની કોરટની હકુમત ભોગવશે અને સાક્ષીઓ, જુબાનીઓ વગેરે મંગાવી શકશે. મામલતદારના ચુકાદો જો ગેરવ્યાજબી લાગે તો તે પછી બે મહિનાની અંદર બંને પક્ષ પહેલા વર્ગના સબજજ આગળ અપીલ કરી શકશે અને તેમનો ચુકાદો છેવટનો ગણાશે.

આ બન્ને અમલદાર જે ચુકાદો આપશે તે પાંચ વરસને માટે બંધનકર્તા ગણાશે. માત્ર રેલ કે એવી આસમાની–સુલતાનીથી જમીનને નુકશાન થાય તો તે દરમિયાન ગણોત ઘટાડી શકાશે ને જમીનદારના ખરચે કંઈ સુધારો જમીનમાં થયો હોય તો ગણોત વધારી શકાશે.

આટલે સુધી તો જુના ખેડુતોના કબજા–હક્ક અને ગણોતના આંક વિષે નિયમો સમજાવ્યા છે. હવે ભાગે–સાંથે ખેડવાર સર્વે ખેડુતોને સામાન્ય રીતે લાગુ પડતા નિયમો રજુ કર્યા છે.

દસ વરસના જ ગણુવતપટા

જુના ન હોય તે બધા. ખેડુતો શું પહેલાંની માફક તેમના જમીનદારો, તાલુકદારો, ઇનામદારોને શરણે જ રહેશે? તેમની જમીનો ગમે ત્યારે ખુંચવી શકાશે? તેમને કંઇ ખેડ–હક્ક મળશે ખરા?

પહેલા મુદ્દાની વાત તો એ છે કે જુના ન હોય તેવા ખેડુતોનાં પણ હવે પછીથી બારમાસી કે એવી ટુંકી મુદતના ગણુવતપટા કરાવી શકાશે નહિ. તેમની પાસે ઓછામાં ઓછા દસ વરસનાં ગણુવત પટા કરાવી શકાશે. આમ છતાં જો કોઇ અભણુ, અજ્ઞાન કે ગરજાળુ ખેડુત પાસે ઓછી મુદતનો પટો કરાવી લેવામાં આવશે તો એ ગણુવત પટો થયા પછી દસ વરસ ગણુવતનો કરાર ખતમ થયો ગણાશે નહિ અને ખેડૂતની પાસેથી જમીન લઇ શકાશે નહિ.

આ નિયમથી જુના નહિ હોય એવા સર્વે ખેડુતોને રાહત મળશે. દશ સાલનો નિયમ થવાથી સર્વે ખેડુતો કબજાની જમીન પર પૂરી કાળજીથી અને પૂરી મહેનત કરીને ખેતી કરી શકશે અને જમીનમાં કંઇ સુધારો પણ કરીને તેનું ફળ વરસો સુધી ભોગવી શકશે.

ગેરકાયદે લાગા–વેઠ માટે દંડ

કોઇ ઇનામદારો, તાલુકદારો વગેરે જમીનના રીતસરના ગણોત–સાંથ ઉપરાંત જાતજાતના વેરા–લાગા ઉઘરાવતા અને ભાત ભાતની વેઠ પણ કરાવતા. હવે આ કાયદો જાહેર કરે છે કે રીતસરના ગણોત સિવાય કંઇ પણ લાગા–કર લઇ શકાશે નહિ કે કંઇ વેઠ કરાવી શકાશે નહિ.

આ નિયમનો ભંગ કરનાર જમીનદારને રૂા. ૧૦૦૦) સુધીનો દંડ કરવામાં આવશે.

આથી વેઠની પ્રથા પર તો સખ્ત ફટકો પડે છે અને તેથી ખાસ કરીને ઇનામદારી–તાલુકદારી ખેડુતો પર જુલમ કમી થશે. વળી, જમીનની વ્યાખ્યામાં તેમાં આવેલો કુવો પણ આવી જાય છે. તેથી કુવાના ઉપયોગ પર ને શેરડી વગેરેના શિયાળુ વાવેતર પર કંઇ વધુ કર લેવાય તે પણ ગેરકાયદેસર ગણાશે ને તે વસુલ કરવાના મનોરથ રાખનાર જમીનદારને નગદ નાણાંને બદલે ભારે દંડ થશે. આ વાત બરાબર સમજીને ખેડુતો સાવધાન રહે. વધારાના કંઇ લાગા ન આપે. તેમ જ તેનો તગાદો કરનાર જમીનદારને કોરટે પહોંચાડી દે.

પછાત પ્રદેશમાં ગણોત ઠરાવાશે

ગમે તે કાયદા થાય તોએ ગરીબ ને અજ્ઞાન ખેડુતો તેનો લાભ લઇ નથી શકતા. તેમની સ્થિતિ અને ખેતી ઘણી કંગાલ હોવાથી ને અરજી કરતાં પણ તેમને ન આવડતી હોવાથી તેમને ખાસ રક્ષણ આપવાની જરૂર સરકારે સ્વીકારી છે.

નિયમ એવો છે કે અમુક ખાસ ગાળા કે તાલુકામાં સર્વે, જુના–નવા ખેડુતોની પાસેથી લેવાના ગણોતનો આંક સરકાર ઠરાવશે અને તેથી વધારે કોઇની પાસેથી લઇ શકાશે નહિ. ભલે ગમે તેટલું ગણોત આપવાનું ખેડુતો પાસેથી જમીદારોએ લખાવી લીધું હોય; તો પણ સરકારનો આ હુકમ બંધનકર્તા ગણાશે.

ધારાસભામાં આ કલમ વિષે થયેલી ચર્ચાઓ પરથી જણાય છે કે સુરત જિલ્લાના માંડવી, પારડી જેવા રાનીપરજ ખેડુતોના તાલુકાને આ કલમ લાગુ પડવાનો સંભવ છે.

આવા પ્રદેશના કિસાન કાર્યકર્તાઓએ તરત જ સચેત બનીને સરકારને ગણોતનો વ્યાજબી દર જણાવવો જોઇએ અને આ કલમ મુજબ તે

જાહેર કરવાને આગ્રહ કરવો જોઇએ. આધભાગની કે કોઈ પણ ભાગની પ્રથા નાબુદ કરીને સરકાર ધારાના દોઢપટથી વધારે વસુલ ન કરવાનો હુકમ સરકારે બહાર પાડવો જોઈએ.

મહેસુલ પ્રમાણે સાંથની માફી--મોકુફી

અત્યાર સુધી જમીન મહેસુલના કાયદા મુજબ એવો નિયમ હતો કે સરકારી મહેસુલ માફ કે મુલતવી રહે તેથી બેવડી રકમ સાંથમાંથી કાપીને બાકીની મહેસુલ ખે તે ભરવી. પણ હવે આ અન્યાય દૂર થશે ને મહેસુલના જેટલા ટકા સરકાર માફ કે મુલતવી રાખશે તેટલા ટકા સાંથ પણ જમીનદારને માફ કે મુલતવી રાખવી પડશે.

વળી ઈનામી કે સનદીઆ જમીન પર સરકારને ભરવાનું ન હોય ત્યાં એવી જ પાસેની જમીનનું મહેસુલ સરકારે જેટલું માફ કે મુલતવી રાખ્યું હોય તેટલા ટકા આવી જમીનની સાંથ પણ કલેકટર માફ કે મુલતવી રાખશે. આ નિયમ ખરેખર અન્યાયી ને ભયંકર ગણાવો જોઇએ અને આવી જમીનોને પણ બને ત્યાં સુધી ઉપરના નિયમો લાગુ પડાવવાને માટે બનતી લડતો લેવી જોઈએ.

ગામડે ગામડે ખેડુત કમીટીઓ કરો

આ કાયદાનો ટુંક સાર ઉપર મુજબ છે. જેમ નદીનાં પાણી વહી જાય પણ ખેતરમાં ન લઇએ તો તેનો લાભ ન મળે તેમ આથીએ સારો કાયદો હોય છતાં ખેડૂતો તાલુકાદારો, જમીનદારો આગળ માથું ઉચું ન કરે ગામની અંદર સૌ સાથે મળીને એકર્ભાગની જમીન પર ન પડવાના સંપ ન કરે—બળજબરીથી ગયેલી જમીન પાછી મેળવવાને તેમજ વ્યાજમાં ગણાત કરાવવાને મામલતદારને અરજી ન કરે ને અરજીની સુનાવણી થાય ત્યારે પોતાની દલીલ કોઈ હુંશીઆર મુખત્યાર કે વકીલની મારફત રજુ ન કરે–તો તેને આ કાયદાનો કંઈ લાભ મળશે નહિ.

માટે આ કાયદાનો લાભ ઉઠાવવાને ખેડૂતોએ એક એક ગામના સૌ ખેડૂતોએ સંઘ કરીને પોતપોતાની કમિટીઓ સ્થાપવી જોઇએ અને

તેના ચુકાદાનો બધાએ અમલ કરવો જોઇએ. વળી બધી ગામ કમિટીઓએ મળીને સર્કલ કે તાલુકાની નાની કમિટીઓ સ્થાપવી જોઇએ.

આ બધી કમિટીઓ ફાળો ઉઘરાવે ને યોગ્ય કારભારીઓ, કારકુનો તેમજ વકીલોને પણ રોકે. કમિટીઓની સુચનાને સર્વે માન આપે. જબરા હોય તેઓ નબળાનું રક્ષણ કરે.

આ કાયદો તો એક પાતળી થોડી ભાંગેલી લાકડી જેવો છે. હાલનો નબળો ખેડુત તેનો આશરો લઇને ઉભા થાય ને તેમ કરતાં પોતે જાગૃત અને સંપીલો થઇને પોતાની પ્રચંડ શકિત ખીલવે ને પછી એ લાકડી બાજુએ મુકીને પોતાની તાકાતથી કુદરતી હકક મેળવે. ખેડુ તે જમીનનો માલીક બને, ધરતીનો રાજા બને.

['ગામડે ગામડે ખેડુત કમિટિ કરો ' એ મથાળા નીચેનું આખું ઉપનું લખાણ સબ છેડે જોઇએ. પણ ભૂલથી એ ઉપર ઉપાઇ ગયું છે. વાંચકોને વિનંતી છે કે તેઓ એ મુજબ સુધારો કરી વાંચે.]

આવા બધા સંજોગોમાં માફ કે મુલતવી રહેલી સાંથ વસુલ કરવાને મામલતદાર કંઇ મદદ આપશે નહિ. વધારામાં જ્યારે બ્યાજબી સાંથ વસુલ લેવાને મામલતદારને અરજી કરવામાં આવશે ત્યારે છેલ્લાં ત્રણવરસ દરમ્યાન નવા નિયમ પ્રમાણે વધારાની જે રકમ સાંથ પેટે ગમે તે રીતે લેવામાં આવી હશે તે નવી સાંથમાંથી કાપીને હુકમનામુ કરી આપવામાં આવશે.

દુર્ભાગ્યે ખરાબ વરસમાં આ બધી રાહત રોકડ સાંથ આપનારને મળશે પણ ભાગ આપનારને જરાએ છુટ આપવાની નથી. ખરેખર આ નિયમ ઘણો જ અન્યાયી અને ઘાતકી ગણાય. પણ તેમાં હવે સુધારો કરાવવો અશકય છે. તેથી સર્વ ખેડુતો સોગન લે કે કોઇ પણ સંયોગોમાં ભાગ આપવાનું કબુલ કરવું જ નહિ અને જો કોઇ મામલતદાર ભાગ આપવાનું ઠરાવે તો સર્વ સ્વાભિમાની ને ઇજતદાર ખેડુતોએ તેનો વિરોધ કરવો જોઇશે.

તાલુકદારીમાં ઘરવેરો

ઘણા તાલુકદારો ખેડુતો પાસેથી ઘરવેરો કે ઝુંપડીવેરો લે છે એટલુંજ નહિ પણ તેનો વાસ ખાલી કરાવવાની ધાક ધમકી આપીને તેમને ગુલામ બનાવે છે.

તે સંબંધમાં હવે એવું ઠરાવ્યું છે કે જેમ તાલુકદારી જમીન પ ખેડુતે પોતાને ખરચે વાસ બાંધ્યો હોય ને એ જમીનનું ભાડું રીતસ

ખેડુત આપતા હોય ત્યાં સુધી તેને બહાર કાઢી શકાય નહિ. આમ કરીને ખેડુતને કોઇક હક્ક આપવાનો ડોળ કર્યો છે. પણ આડકતરી રીતે તાલુકદારને કહેવાતી તેની જમીનની વપરાશ પેટે કંઇ રકમ લેવાનો હક આપ્યો છે.

પણ સરકારી ગામોમાં બધી જમીન સરકારી હોય છે છતાં ગામઠાણની જમીન ખેડુતોને મફત અપાય છે ને તેનું ભાડું સર્વોપરિ સરકાર લેતી નથી. ત્યારે તાલુકદારી ગામોમાં ગામઠાણની જમીનનું ભાડું શી રીતે લેવાય તે સમજાતું નથી. આ બાબતમાં મોડી કે વહેલી ખેડુતોએ લડત લેવી પડશે અને આ જમીનદારી જુલમ નાબુદ કરવાને કમર કસવી પડશે.

તે જ રીતે આવી ગામઠાણની જમીન તાલુકદાર વેચવા માગે ત્યારે ખેડુતને તે ખરીદવાનો પહેલો હક રહેશે. પણ તે ખરીદ કરી શકશે નહિ તો પછી તાલુકદાર બીજાને તે જમીન વેચીને ખેડુતને ખાલી કરાવી શકશે આ નિયમ પણ ખેડુતોને ઘણો આકરો લાગશે. એવા થોડા જ ખેડુતો હોય કે જેઓ આવી જમીન ખરીદી શકે. છતાં આવો ઘાતકી નિયમ કાઢીને સરકારે ખેડુતોને તેમનાં ઘરમાંથી હાંકી કાઢવાની એક બારી તાલુકદારોને ખોલી આપી છે.

આનો જવાબ ખેડુતો એક જ રીતે આપી શકે. તેમણે ઘર—જમીનને કબજે હાથ રાખવાને બનતી બધી લડત અને તરકીબો અજમાવવી જોઇએ અને તાલુકદારોની આપખુદીના દાવ હરાવવા જોઇએ.

ઝાડનો હક્ક

ગણોતે ખેડાતી જમીન પર ખેડુતે ઉછેરેલાં ઝાડ વિષે ઘણા વખતથી જમીનદાર અને ખેડુતો વચ્ચે ટંટા ચાલ્યા કરે છે. તેનો નિવેડો લાવવાને આ કાયદામાં એવું ઠરાવ્યું છે કે કોઇ પણ ખેડુત આજથી અગાઉ કે પછી કંઇ ઝાડ ઉછેરે તો તેના પર તેનો હક્ક રહેશે અને કંઇ પણ કારણ સર તેનો ખેડ—હક્ક પૂરો થાય ત્યારે એ ઝાડની કિંમતનું વળતર તેને આપવું પડશે.

પણ વળી આ કલમમાં એવું ઉમેર્યું છે કે હવે પછી નવા ખેડુતે દશ વરસના ગણોતપટા કરે તેમણે જમીનદારની રજાથી ઝાડ ઉછેર્યાં હોય

તો જ તેમનો તેના પર હક્ક રહેશે. આમ પહેલે પગલે ખેડુતોના હક્કનું સવાસલું કરીને તેને ભુંસી નાંખવામાં આવ્યા છે.

ગણોતની વસુલાતમાં રાહત

એક બીજો હક્ક જુના—નવા ખેડુતને આપ્યો તે સમજવા જેવો છે. ગણોત વખતસર ન ભરાયાથી જમીનદાર જમીનનો કબજો લેવાને મામલતદારની કોરટમા દાવો માંડે ત્યારે જો ખેડુત લહેણી ગણોતની રકમ અને અરજીનો ખર્ચ આપવાનું કહે તો મામલતદાર જમીનદારને કબજો ન આપતાં લહેણી રકમ પંદર દિવસમાં ભરવાનો અને ખેડુતનો હક્ક કાયમ રાખવાનો હુકમ કરી શકે.

આ કલમ ધ્યાનમાં રાખીને ગણોત ન ભરી શકાય ત્યારે પણ ખેડુતે ઝટપટ જમીનનો કબજો છોડી દેવો નહિ અને જમીનદાર કોરટે જાય ત્યારે પણ વ્યાજબી રકમ ભરીને ખેડ—હક્ક કાયમ રાખવો.

ગણોતની પહોંચ આપવી

ખેડુત જમીનદારને વરસ દરમ્યાન માલ કે રોકડ આપે તે વિષે ત્રણ મુદ્દાના નિયમ આ કાયદામાં મુકયા છે.

(૧) ખેડુતે ખાસ લખીને કંઈ જુદી સૂચના આપી હોય તે સિવાય તે જે કંઈ રકમ જમીનદારને આપે તે પહેલી ગણોત ખાતે જમા કરવામાં આવશે. આ નિયમ કરવાનું ખાસ કારણ એ છે કે જમીદાર ખેડુત સાથે ધીરધારનો સંબંધ રાખતો હોય તો ખેડુત જે આપે તે લહેણા ને વ્યાજ પેટે જમે કરીને સાંથની વસુલાત માટે મામલતદારને ત્યાં સીધા દાવા માંડે છે. આવી હાથચાલાકી અટકાવવાને આ નિયમ જરૂરનો છે

(૨) વળી ખેડુત તરફથી સાંથ પેટે જે કંઈ મળે તેની સરકારી ફારમ પ્રમાણે લેખાત પહોંચ આપવી જોઇશે.

(૩) અને જો આવી પહોંચ જમીનદાર ન આપે ત્યારે તેને ગુન્હેગાર ઠરાવીને તેનો રૂા. ૧૦૦૦) સુધી દંડ કરવામાં આવશે.

હાલમાં ખેડુતોને ઘણી વાર કંઈ પહોંચો મળતી નથી ને તેથી કોરટમાં સાંથની વસુલાતનો પુરાવો તેઓ આપી શકતા નથી. હવેથી આ

કલમનો લાભ લેવાને ખેડુતે કંઇ પણ રકમ કે માલ આપતી વખતે માગવી અને તે ન આપે તો રકમ આપવાનું અટકાવીને જમીન કોરટમાં ઘસડી તેનો દંડ કરાવી શકાશે.

કબજાના કેસની કોરટ

આ કાયદા મુજબ ખેડુત કે જમીનદાર એક બીજાની પ જમીનનો કબજો લેવા માગતો હોય ત્યારે તેણે મામલતદારની કો દાવા અરજી નોંધવી જોઇશે. મામલતદાર દીવાની કેસની માફક કામ ચલાવશે અને તેના હુકમ થયા પછી બે માસની અંદર ક આગળ અપીલ કરી શકાશે. કલેકટરનો હુકમ છેવટનો ગણાશે.

અંતમાં આ કાયદો જણાવે છે કે સરકાર કે સહકારી મંડળીએ જમીન ખેડૂતોને પટે આપે છે તેને આ કાયદાની કલમો લાગુ પડશે નહિ.

આ કાયદો તા. ૧લી એપ્રિલથી અમલમાં આવ્યો છે એમ પુસ્તિકામાં છાપ્યું છે તે શરતચૂકને કારણે લખાયું છે. આ કાયદો હજી અમલમાં આવ્યો નથી. ગવર્નર જે દિવસ નક્કી કરશે તે દિવસથી આ કાયદો અમલમાં આવશે.

—લેખક.

પ્રકાશક—ઇંદુલાલ યાજ્ઞિક પ્રમુખ. ગુજરાત પ્રાંતીક કિસાન સભા પ્રાર્થના સમાજ, આસ્તોડીઆ રોડ—અમદાવાદ.

મુદ્રક—રણછોડભાઇ વાલજીભાઇ પટેલ શ્રી નારાયણ પ્રિ. પ્રેસ–સંસાર સુધારા હોલ મ્યુ. સે. નંબર ૨૪૯૯/૧ ભદ્ર; અમદાવાદ.